# ગાડી બુલા રહી હૈ

## જહાંગીર આર્ટ ગૅલેરીમાં ચાલી રહેલા આર્ટિસ્ટ જયદીપ મેહરોત્રાનાં પેઇન્ટિંગ્સના એક્ઝિબિશનની થીમ છે ટ્રેન

*'રેલગાડી, રેલગાડી, છુક છુક છુક, છુક છુક છુક, બીચવાલે સ્ટેશન બોલે, રૂક રૂક રૂક, રૂક રૂક રૂક'*

જહાંગીર આર્ટ ગૅલેરીમાં જયદીપ મેહરોત્રાનું ગઈ કાલથી શરૂ થયેલું પ્રદર્શન 'રીટ્રૅક્ડ' જોઈને 'આશીર્વાદ' ફિલ્મમાં હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે લખેલું અને અશોકકુમારે ગાયેલું રેલગાડીવાળું ગીત યાદ આવી ગયું. બાળપણ હોય, યુવાની હોય કે વૃદ્ધાવસ્થા હોય, દરેક વ્યક્તિના જીવનમાં કોઈ ને કોઈ તબક્કા સાથે ટ્રેનનાં સંભારણાં જોડાયેલાં હશે. આ જ બાબતને જયદીપ મેહરોત્રાએ બખૂબી કૅન્વાસ પર ઉતારી છે.



*ગઈ કાલે સાંજે જહાંગીર આર્ટ ગૅલેરીમાં પોતાના પેઇન્ટિંગ સાથે આર્ટિસ્ટ જયદીપ મેહરોત્રા.*
મિડ-ડે તસવીરો : અતુલ સાંગાણી





મેહરોત્રાએ પાંચ વર્ષ પછી યોજેલા આ સોલો એક્ઝિબિશનમાં ઑઇલ અને ઍક્રિલિકનો સમન્વય કરતાં ૨૧ પેઇન્ટિંગ્સ દ્વારા તેમની અતીતની યાદો તાજી કરી છે. તેમણે 'સ્કૂલ પાર્ટી' નામના ચિત્રથી આ કલેક્શનની શરૂઆત કરી. સ્કૂલના દિવસોમાં ટ્રેનમાં સફર કરવાનો આનંદ આ ચિત્રની બારીઓમાંથી ડોકાય છે. આ સંદર્ભે તેમણે 'મિડ-ડે'ને કહ્યું, 'આ મારું પ્રથમ વિષયલક્ષી પ્રદર્શન છે. નાનપણમાં ટ્રેનમાં કરેલી સફરે મારા મનમાં અમીટ છાપ છોડેલી જે આ ચિત્રોમાં જોવા મળે છે. 'સ્કૂલ પાર્ટી'થી પેઇન્ટિંગ્સની શરૂઆત કર્યા બાદ મને આ વિષયના વિશાળ ફલકનો ખ્યાલ આવ્યો. આ જ વિષય પર હું બીજાં ત્રણ એક્ઝિબિશન કરી શકું એમ મને લાગે છે. ટ્રેન આપણા દેશને તેમ જ તમામ દેશવાસીઓને જોડતી કડી છે. આથી મારાં પેઇન્ટિંગ્સમાં પણ મેં હ્યુમન ટચ આપવાનો પ્રયાસ કર્યો છે. ટ્રેનની પરંપરાગત સફરને મેં આજના સંદર્ભ સાથે પણ પ્રસ્તુત કરી છે.'

'નાઇટ લાઇટ્સ'માં રાતના આછા અજવાસમાં પડદો હટાવીને બારીની બહાર ડોકિયું કરતા પૅસેન્જરની બાજુમાં લૅપટૉપ અને પ્લૅટફૉર્મ પર કોલ્ડ ડ્રિન્ક્સ વેચતા ફેરિયાની પાર્શ્વભૂમાં ડબ્બાની અંદર મોબાઇલ ફોન પર વાત કરતી યુવતી તેમ જ ભરચક ભીડવાળી લોકલ ટ્રેનનાં ચિત્રો આની પ્રતીતિ કરાવે છે.

ટ્રેનની સફર સાથે જોડાયેલી પુસ્તકોની યાદો 'વ્હીલર ડીલર' અને 'પેપરબૅક રાઇડર' નામનાં પેઇન્ટિંગ્સમાં સ્પષ્ટ તરવરે છે. આ સંદર્ભે તેઓ કહે છે, 'હું સૌથી વધારે પુસ્તક ટ્રેનની સફરમાં વાંચું છું. મારી પ્રત્યેક મુસાફરીની શરૂઆત સ્ટેશન પરથી બુકની ખરીદી સાથે થાય છે. જેટલી લાંબી જર્ની એટલાં વધુ પુસ્તકોનું વાંચન. વચ્ચે આવતા કોઈ પણ સ્ટેશને ઊતરીને જે બુક મળે એ વાંચવા લઈ લઉં.'

એક રૂપિયાનો સિક્કો નાખીને વજનની ટિકિટ આપતું મશીન 'વેઇટ અ મિનટ', ફુરસદમાં એકબીજાના ખભે હાથ મૂકીને ગપ્પાં મારતા કૂલી 'યુનિયન ઑફ રેડ્સ', જૂના જમાનાનાં કોડિયાં અને ચાની કીટલી 'ટી ફૉર ટૂ', બિસ્તરો અને લોખંડની પેટી 'ટ્રન્ક ઑલ', સ્ટીમ એન્જિનનું વિશાળ પૈડું 'સ્ટીલ વ્હીલ' વગેરે ચિત્રો ખરેખર અતીતને વર્તમાનમાં લાવી દે છે.

જોકે જયદીપ મેહરોત્રાનાં બે બહેતરીન પેઇન્ટિંગ્સ હોય તો એ છે 'સબ ડિવિઝન' અને 'ડિવિઝન ઘેટ મલ્ટિપ્લાઇડ'. તેઓ કહે છે, 'દેશના ભાગલા સાથે રેલવે અતૂટપણે જોડાઈ ગઈ છે. દેશના વિભાજન વખતે ભારત અને પાકિસ્તાનમાં સ્થળાંતર કરવા માગતા અસંખ્ય લોકોની વેદનાની આ ટ્રેન સાક્ષી રહી છે. આ ક્ષણને કૅન્વાસ પર ઉતારવા માટે સારી તસવીર મેળવવા મારે ઘણી આર્કાઇવ્ઝમાં રઝળપાટ કરવી પડી અને જે તસવીર મળી એ પણ બિસમાર સ્થિતિમાં એ પણ એક કમનસીબી છે. એને પણ મેં કૅન્વાસ પર દેખાડી છે. એના અડધા ભાગમાં જીર્ણશીર્ણ ફોટોગ્રાફનો સેપિયા કલર આપ્યો છે અને અડધો ભાગ પુશ કરીને તરોતાજા બનાવ્યો છે.'

'ડિવિઝન ઘેટ મલ્ટિપ્લાઇડ'માં ટ્રેનના દરવાજે ઊભા રહેલા ગાંધીજીને આવકારવા સ્ટેશન પર ટોળે વળેલા લોકો દેખાય છે. આ ચિત્રમાં અડધા ભાગમાં પાતળું ઘેરું આવરણ આપ્યું છે. ઘણા લોકો આજેય એવું માને છે કે દેશના ભાગલા માટે ગાંધીજી જવાબદાર હતા.

ભૂતપૂર્વ શેરિફ બકુલ પટેલે આ પ્રદર્શન જોતાં કહ્યું, 'જયદીપ મેહરોત્રાનાં મેં અગાઉ જોયેલાં એક્ઝિબિશનોમાં આ સૌથી સુંદર છે. તેમનાં પેઇન્ટિંગ્સમાં ઘણી બધી મૂવમેન્ટ દેખાય છે. તેમનાં ચિત્રો સમકાલીન શૈલીનાં છે, પણ એમાં તેમની પોતાની ઇનર જર્નીની અનુભૂતિ થાય છે.'

આ એક્ઝિબિશન ૧૯ ઑક્ટોબર સુધી સવારે ૧૧થી સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

**- પીયૂષ રાવલ**